P G V C L

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૫/ક્વા-૦૪/૨૦૧૮-૧૯/ 7328 - 8 તારીખ : 27-3-19

રજી. એડી. પત્ર

પ્રતિ,
અશોકભાઈ મેરામભાઇ સરવૈયા
ઠે. ખાટફળિયું,
મું. પો. : સુખપુર, તા. : જુનાગઢ, જી. : જુનાગઢ.
મોબાઈલ : ૯૭૨૬૦૨૧૮૪૫
પીન - 362020

વિષય : માલિકીની જગ્યામાં વીજ થાંભલા લગાવવા સામે વાંધા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૬-૦૨-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૫૫/ક્વા-૦૪/૨૦૧૮-૧૯ )

મહોદયશ્રી,

આપશ્રીની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપશ્રીને મોકલવામાં આવે છે.

જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ. 16

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જુનાગઢ ગ્રામ્ય-૧.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, જુનાગઢ ગ્રામ્ય.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૫/કવા–૦૪/૧૮–૧૯/ ૨૩૪૨-૮ તા. ૨૧-૩-૧૯.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૫૫/કવા–૦૪/૧૮–૧૯

અરજદાર: અશોકભાઈ મેરામભાઇ સરવૈયા ગામ: સુખપુર

રજૂઆત કરનાર: અરજદાર ના પ્રતિનીધી તરીકે તેમના પુત્ર – રાજુભાઈ મેરામભાઈ સરવૈયા તેમજ તેમના ભાઈ જયેશભાઈ શાંતીભાઈ સરવૈયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં–૧ જુનાગઢ

રજૂઆત કરનાર: નાયબ ઈજનેર (ટેક) – બી.ડી.પરમાર હાજર રહેલ છે.

## :: **ફોરમ** ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ., વર્તુળ કચેરી, જુનાગઢ

તારીખ: ૧૯/૦૩/૨૦૧૯

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૯/૦૨/૨૦૧૯ ના રોજ નક્કી કરવામાં આવેલ. જેથી તા. ૧૯/૦૩/૨૦૧૯ ના રોજ સુનાવણી કરવામાં આવેલ.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર **અશોકભાઈ મેરામભાઇ સરવૈયા**. ગામ:પોરબંદર – તેઓની અરજી ના નોંધણી નંબર :૪૮/કવા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓ સુખપુર ગામ ના સર્વે નંબર: ૫૧ પૈકી ૧ તથા ૫૨ પૈકી ૧ વાળી જમીન – તેઓની માલીકી ની આવેલ છે. જેમાં બોર કરાવેલ છે. પરંતુ– નાણા ના અભાવે વીજજોડાણ મેળવવા માટે ની કોઈ કાર્યવાહી કરાયેલ નથી. સુખપુર ગામ ના ભાદા પુના દુધાત્રા એ ગામ– સુખપુર વાળા દ્વારા પીજીવીસીએલ ની કચેરીમાં વીજજોડાણ મેળવવા માટે સર્વે નંબર: ૫૧ પૈકી ૧ / ૧ નો ઉલ્લેખ કરી – પોતાના સર્વે નંબર: ૫૨ / ૬ ની જમીન માં લઈ જવાનો પ્રયત્ન કરેલ છે. જે બાબતે તેઓએ પેટા વિભાગીય કચેરી – વિભાગીય કચેરી – માન. જીલ્લા કલેકટર – ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ ને અરજી કરેલ છે. સદર બાબતે ની વાંધા અરજી જીઈઆરસી ને મોકલેલ તેમના સચિવ સાહેબે તેઓને જરૂરી માર્ગદર્શન આપી જણાવતા, સદર ફોરમ સમક્ષ અરજી કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ **અરજદાર ની મુદદા નં. ૨.૦ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે,** ખેતીવાડી અરજદાર શ્રી દુધાત્રા ભાદાભાઇ પુનાભાઇ દ્વારા તારીખ ૧૨.૧૧.૨૦૧૪ ના રોજ તેમની સર્વે નંબર ૫૨/૧/પૈકીક ની જમીન માં૧૨.૫

હો.પા. નું ખેતીવાડી વીજ જોડાણ માંગેલ હતું અને તે માટેના નોંધણી ના ૨૦૦ /- રૂપિયા રસીદ નંબર ૩૦૨૦૮૩ થી ભરેલા હતા.

૩.૧ સદર અરજી ના આધારે અગ્રતા ક્રમ મુજબ શ્રી દૂધાત્રા ભાદાભાઇ પુનાભાઇ ના ખેતીવાડી વીજ કનેક્શન નો વર્ષ-૨૦૧૮ માં વીજ કનેક્શન આપવા માટેની જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

૩.૨ ઉપરોક્ત અરજદાર ના વીજ કનેક્શન નું સર્વે હાથ ધરતા સદર અરજદાર નું ખેતીવાડી વીજ કનેક્શન શ્રી ચંદુભાઈ ભોવનભાઇ વાળા ટ્રાન્સફોર્મર માંથી ટેપિંગ કરી બે ગાળા દ્વારા ૬૦ મીટર ની લાઇન ઊભી કરી અને સર્વે કરવામાં આવેલ હતું.

૩.૩ સર્વે મુજબ અરજદાર શ્રી ને ભાવપત્રક નંબર ૧૫૫૪/તારીખ ૧૯.૦૩.૨૦૧૮ થી રૂપિયા ૧૪૫૨૫/- નું ભાવપત્રક આપવામાં આવેલ હતું અને જે ભાવપત્રક અરજદાર શ્રી દ્વારા તારીખ ૦૯.૦૪.૨૦૧૮ ના રોજ ભરપાઈ કરતાં અને જરૂરી અગ્રિમેંટ કરતાં સદર અરજદારના વીજ કનેક્શન માટેની લાઇન ઊભી કરવા માટેના જરૂરી વીજ પોલ પણ ઊભા કરવામાં આવેલ અને સદર વીજ કનેકસન માટેનું જરૂરી ટ્રાન્સફોર્મર પણ લગાડવામાં આવેલ હતું આ સમગ્ર લાઇન કામ દરમિયાન કોઈ પણ પ્રકારનો વાંધો અરજદાર દ્વારા કે કોઈ પણ ખેડૂત દ્વારા લેવામાં આવેલ ન હતો. અને સદર વીજ કનેક્શન નું પોલ ઊભા કરવાનું તથા ટ્રાન્સફોર્મર લગાડવાનું કામ પૂર્ણ કરવામાં આવેલ હતું. પરંતુ ત્યારબાદ વીજ લાઇન ના વાયરો ખેંચતી વખતે અરજદાર દ્વારા મૌખિક વાંધો ઉઠાવતા સદર વીજ કનેક્શન માટેનું સંપૂર્ણ કામ પૂરું કરવામાં આવેલ નથી તેમજ શ્રી દૂધાત્રા ભાદાભાઇ પુનાભાઇ નું વીજ કનેકસન પણ રીલીઝ કરવામાં આવેલ નથી.

૩.૪ ઉપરોક્ત બાબતે આજ રોજ એટલેકે તારીખ 03.07.2018 ના રોજ નીચે સહી કરનાર દ્વારા સ્થળ મુલાકાત લીધેલ હતી અને સ્થળ ઉપર વીજ કનેક્શન લેનાર એટલેકે અરજદાર શ્રી દૂધાત્રા ભાદાભાઇ પુનાભાઈ ના પુત્ર શ્રી અશોકભાઇ ભાદાભાઈ દૂધાત્રા અને આપ શ્રી એટલેકે શ્રી અશોકભાઇ મેરામભાઇ સરવૈયા ને હાજર રહેલ અને બન્ને ની રજૂઆત સ્થળ ઉપર સાંભળતા સદર જમીન નો વિવાદ હોય તેવું જણાતા આ બાબત નું ખાતાકીય રોજકામ કરવામાં આવેલ હતું.

૩.૫ સદર કેઇસ ને હાલ નાયબ ઇજનેર શ્રી ગ્રામ્ય પેટા વિભાગ કચેરી દ્વારા ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ, કલેક્ટર કચેરી , જુનાગઢ સમક્ષ પત્ર નંબર DE/JNDR/TECH/AG/4354/17.07.2018 થી નિયમાનુસાર આગળની કાર્યવાહી માટે મૂકવામાં આવેલ છે. આમ આ કેઇસ માં જમીન ને લગતો વિવાદ હોય સદર કેઇસ નો નિયમાનુસાર ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ, કલેક્ટર કચેરી, જુનાગઢ દ્વારા સમક્ષ મૂકવામાં આવેલ છે જેથી માનનીય કલેક્ટર શ્રી ના આ જમીન અંગે ના વિવાદ નો હુકમ આવ્યા બાદ સદર વીજ કનેક્શન આપવા માટેની જરૂરી કાર્યવાહી કરવાંમાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦ થી ૩.૫ અન્વયે – સદર કેઈસ મા, સુખપુર ગામે આવેલ અરજદાર ના સર્વે નંબરઃ સર્વે નંબરઃ ૫૧ /૧ તથા ૫૨ પૈકી ૧ પૈકી ૧ તથા સર્વે નંબરઃ ૫૨/૧/પૈકી ૬ ની માલીકી તથા વાસ્તવિક ભોગવટા અંગે સદર બાબતે ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ પાસે વિવાદ પેન્ડીગ હોય – ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબરઃ ૦૨/૨૦૧૧ ના મુદ્દા નં. ૨.૩૦(૧) મા કરાયેલ જોગવાઈ મુજબ કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – એટલેકે ન્યાયિક પ્રક્રીયા હેઠળ પડતર રહેલા કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર છે. આમ, અરજદાર ની અરજી ને રદબાતલ કરવામા આવે છે.

૪.૨ અરજદારની ફરિયાદનો આ તબક્કે નિકાલ કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(જે.બી. પારેખ)
ચેરપર્સન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન. ડી. ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ